Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું
અંક ૧૦-૧૧
૫ ઓગસ્ટ

શ્રાવણ–ભાદ્રપદ

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૧
ઇ. સ. ૧૯૬૫

(१०६) सुत्तेसु यावी पडिबुद्धजीवी, न वीससे पंडिए आसुपन्ने ।
घोरा मुहुत्ता अवलं शरीरं, भारुंडपक्खी व चरऽप्पमत्ते ॥ ६ ॥

૧૦૬. જે મનુષ્ય આશુપ્રજ્ઞ–પંડિત–વિવેકી છે તેને અપંડિત–અવિવેકી એટલે મોહ નિદ્રામાં સુતા રહેતા મનુષ્યો વચ્ચે પણ રહેવાનો પ્રસંગ આવે છે, તે વખતે પંડિત પુરુષે બરાબર સાવધાન રહેવું જોઇએ–તે અવિવેકીઓનો જરા પણ વિશ્વાસ ન કરવો જોઇએ. ' કાળ ભયંકર છે અને શરીર દુર્બળ છે ' એમ સમજીને તેવે પ્રસંગે પંડિત પુરુષે ભારુંડપક્ષીની પેઠે બરાબર સાવધાન રહીને વર્તવું જોઇએ.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૧ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | પર્વ પર્યુષણ આવ્યા .... | ( મોહનલાલ ગીરધરભાઈ ભોજક ) | ૮૫ |
| ૨ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણકો બીજો-લેખાંક : ૮ | ( સ્વ. મૌક્તિક ) | ૮૬ |
| ૩ | ' પર્યુષણ ' પર્વ અંગેનું સાહિત્ય | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. ) | ૮૯ |
| ૪ | સમકિત અંગે તાત્ત્વિક વિચારણા .... | ( શાહ ચત્રભુજ જેચંદ ) | ૮૫ |


**આવતો અંક**—હવે પછીનો આસો માસનો અંક તા. ૫-૧૦-૬૫ ના રોજ બહાર પડશેતેની નોંધ લેશો.

## ચોરાશીમી વર્ષગાંઠ

આપણી સભાની ચોરાશીમી વર્ષગાંઠ શ્રાવણ શુદિ ત્રીજને શનિવાર તા. ૩૧-૭-૬૫ના રોજ સભાના મકાનમાં ઉજવવામાં આવી હતી. સવારે ૯-૩૦ કલાકે બારવ્રતની પૂજા રાગરાગણી સહિત ભણાવવામાં આવી હતી આ શુભ પ્રસંગે સભાસદબંધુઓ સારી સંખ્યામાં પધાર્યા હતા.

## જા હે રા ત

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી સભાના સભાસદો તથા માસીકના ગ્રાહકોને સં. ૨૦૨૧-૨૨ના વર્ષની ભેટ આપવા માટે મળેલ આર્થિક સહાયથી "શ્રી મહાપ્રભાવિક નવસ્મરણ સ્તોત્ર સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ"નામે કાઉન ૧૬ પેજી પૂરા આઠ ફોર્મનું પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરેલ છે. પુસ્તકમાં નવસ્મરણ સ્તોત્રો ઉપરાંત નિત્ય સ્વાધ્યાય માટે ઉપયોગી બીજા ઘણા સ્તોત્ર સૂત્રો, મોટી સંખ્યામાં પ્રાચીન ભાવવાહી સ્તવનો, સ્તુતિ, સજ્ઝાયો વગેરે આપેલ છે. ઉપરાંત દર્શન પૂજન માટે શ્રી સિદ્ધચક્ર તથા શ્રી ગૌતમસ્વામિ ભગવંતના કલાત્મક ભાવવાહી ફોટા મૂકી પુસ્તકને વિશેષ ઉપયોગી બનાવેલ છે. વેચાણ માટે પુસ્તકની થોડી વધારે નકલો છાપી છે. તેની કિંમત ફક્ત રૂ. ૧-૫૦ દોઢ રાખેલ છે. જરૂર હોય તેમણે રૂબરૂ અથવા પોસ્ટેજ ખર્ચ સાથે રૂ. ૨-૦૦ બે મોકલી મંગાવી લેવી. બુકસેલરને યોગ્ય કમીશન મળશે.

## સમાલોચના

**પુનર્જન્મ:**—સંકલનકાર શ્રી જયપદ્મવિજયજી મહારાજ, મૂલ્ય રૂપીઓ એક. પુસ્તક મળવાનું ઠેકાણું: શ્રી સોમચંદભાઈ ડી. શાહ-પાલીતાણા ( સૌરાષ્ટ્ર )

પરમ પૂજ્ય મુનિમહારાજ શ્રી જયપદ્મવિજયજીએ પુનર્જન્મનાં સત્યને પુરવાર કરતાં આશરે પચાસ કિસ્સાઓ આ પુસ્તકમાં આપેલ છે. આ બધા કિસ્સાઓ અદ્દભૂત છે. આ કિસ્સાઓ વાંચવા વિચારવાથી પુનર્જન્મનો યથાર્થ ખ્યાલ આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું
અંક ૧૦-૧૧ | શ્રાવણ–ભાદ્રપદ | વીર સં. ૨૪૯૧
વિક્રમ સં. ૨૦૨૧

## પર્વ પર્યુષણ આવ્યા

(ભવિ તુમે વંદો રે શંખેશ્વર જિન રાયા–એ દેશી)

આવ્યા આવ્યા હો રાજ પરવ પજુસણ આવ્યા,
ભાવ્યાં ભાવ્યાં હો રાજ ધર્મી તણે મન ભાવ્યાં.

કહે વિનીતા સુણો મુજ વલ્લભ, વાત કહું એક સારી;
તત્વરૂચી રસરંગી ચેતન, કરવો તુમે નિરધારી.
આવ્યા૦ ૧

આઠ દિવસ અઠ્ઠાઇ પલાવો, સાહમી સહુ નુતરાવો;
સત્તર–અષ્ટ–પ્રકારી પુજા, આંગી અવલ બનાવો. આ૦ ૨

સાબ રૂપાની રકેબી આલો, માંહિ સુંદર પ્યાલો;
સહુ સરખી સહીયર મળી ટોળી, ગુરૂ ગુણ ગાવતી ચાલો.
આવ્યા૦ ૩

ગો શબ્દે જિનવાણી ભાખી, તેહને હરખે હલવા;
રંગ રસાલી ગહુંલી કીજે, શિવસુંદરી સું મિલવા. આ૦ ૪

નયણે નિરખી હૈડે હરખી, શુદ્ધ પરૂપક જોતી;
લુંછડાં લટકે શું કરતી, ભવના પાતિક ખોતી. આ૦ ૫

જૈનાગમવાણી હિત જાણી, સાંભળતાં ભવિયણ પ્રાણી;
કલ્પસૂત્ર ને સામાચારી, શિવરાવલી ગુણખાણી. આ૦ ૬

સંવત્સરી પ્રતિક્રમણ કરશું, સહુ સંઘને હરખે નમશું;
પ્રભાતે શ્રાવક–શ્રાવિકાને, અમે જમાડી જમશું. આ૦ ૭

પ્રત્યાખ્યાન પૂર્વથી જોઇ, ભદ્રબાહુ ઇમ ભાખે;
કહે માણિક્ય આગમરસ રૂડો, સમકિતદષ્ટિ ચાખે. આ૦ ૮

રચયિતાઃ–મોહનલાલ ગિરધરભાઇ ભોજક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૯

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

પ્રથમ તો અધો લોક એક પાતાળમાં રહેનારી આઠ કુમારીઓ આવે છે. તેઓનાં નામ અનુક્રમે **ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, તોયધરા, વિચિત્રા, પુષ્પમાલા અને આનંદિતા હોય** છે. તેમની સાથે ચાર હજાર સામાનિક દેવતાનો પરિવાર હોય છે તે પોતાની સાથે સાત સેના અને સાત સેનાધિપતિ હોય છે. તે પોતાના કૂળ પરિવાર સાથે ક્ષત્રિયકુંડ નગરે આવી પ્રથમ તો માતાની આવા સુંદર પુત્રને જન્મ આપવા માટે સ્તુતિ કરી, પ્રથમ ભગવાનની સ્તુતિ કરી અને ભગવાનના જન્મસ્થાનની એક યોજન ભૂમિને વાળી ઝૂડીને સાફ કરી. તેમાં જે કાંઈ કચરો કે ધૂળ હોય તે સાફ કર્યા અને આ રીતે પવિત્રતા કરી આપી ભૂમિને ચોકખી અને સાફ કરી.

કેટલાક લોકો વાળી ઝૂડીને જમીનને શુદ્ધ કરવાનું કામ હલકું ગણે છે, તે કામ તો હલકા વર્ણના લોકો કરે એમ ગણે છે, પણ ઘરને સાફસુફ રાખવામાં આવે છે તેમ આજુબાજૂની ભૂમિને સાફ રાખવી જોઇએ. આ સાફસૂફીના કામને હલકું ગણવું ન જોઇએ. આ જમીનને સાફ કરવા ઉપરાંત એ આઠ દિગ્‌કુમારીએ તાજાં ફૂલથી જમીનને ભરી દીધી એટલે જમીન સાફ કરવા ઉપરાંત જમીનને સારાં સુંદર અને નવા ઉત્પન્ન કરેલાં ફૂલથી ભરી દીધી અને જમીન પર સાફસુફી કરવા ઉપરાંત રંગબેરંગી ફૂલથી એક જોજન સુધીની ભૂમિને નવાજી દીધી. આ કાર્ય અને ખાસ કરીને આંગણું અને ઘરની નજીકનો ભાગ સાફ રાખવો એ પ્રત્યેક માણસની ફરજ છે અને તે કાર્ય કરવામાં કોઇ જાતની હલકાઇ ગણાવી ન જોઈએ. આ પ્રમાણે હજાર જોજન સુધી તો બની ન શકે, પણ પોતાના ઘરનાં આંગણાંને સાફ રાખવાની પ્રત્યેક સારા અને સુઘડ શહેરીની ફરજ છે આ કાર્ય કરી આઠે દિગ્‌કુમારીઓ ત્રિશલાદેવીના ગુણ ગાતી પ્રભુના જન્મ સ્થાન નજીકમાં ઉભી રહી.

એજ પ્રમાણે ઉર્ધ્વ લોકમાં રહેનારી આઠ દિગ્‌કુમારીઓ અનુક્રમે મેઘંકરા, **મેઘવતી, સુમેઘા, મેઘ માલિની, સુવત્સા, વત્સ મિત્રા, વારિષેણા અને** બલાહકા જેના નામ વાદળા અને વરસાદ સાથે જોડાયેલા છે તેઓએ તુરતજ વરસાદ વરસાવ્યો સંમાજન કરેલી ભૂમિને જળથી નવપલ્લવિત કરી. એટલે સાફ થયેલી સુપુષ્પિત જમીન પર તાજો વરસાદ વરસાવ્યો અને પછી ખાલી રહેલી જમીનપર જન્મસ્થાન પાસે પ્રથમની આઠ દેવીઓ પાસે ઉભી રહી. આ રીતે પ્રથમની આઠ દિગ્‌કુમારીએ જમીન સાફ કરવાનું કામ પૂર્ણ થાય અને તાજો વરસાદ આવે ત્યારે જેમ સર્વ જમીન હસતી લાગે છે, તેમ જાણે જમીન હસતી હોય અને આખી કુદરત હસતી હોય તેવું જમીનનું વાતાવરણ બનાવી આ પ્રભુ તરફના ભક્તિભાવથી દિગ્‌કુમારીએ કામ કર્યું. આવી રીતે જન્મસ્થાનની ચારે બાજૂએ એક એક યોજન પર્યંત જમીન સાફ કરવામાં આવી અને નવા વરસાદથી જમીનને સુગંધિત કરવામાં આવી.

આવી રીતે દેવીઓએ આવી પ્રથમ તો વાતાવરણને એક યોજન સુધી આકર્ષક બનાવી દીધું. આપણા સ્થાનકને અંદરથી સારું કરવા ઉપરાંત આજુબાજૂને જો સાફ રાખવાની પોતાની ફરજ ગણવામાં આવે તે શહેર સફાઇનું કામ સારી રીતે અને વગર ખરચે થઈ જાય છે અને હાલ જે કામ કરનારી મોટી સેનાને રાખી લેવાની મ્યુનિસિપાલીટીને જરૂર પડે છે તે આખો ખરચ બચી જાય અને જન-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખાકારી પણ સુત્વરી જાય આવી રીતે પ્રભુની માતા ફરતી ઉર્ધ્વ લોકની આઠ કુમારી ત્યાં પ્રભુ-જન્મસ્થાને ગોઠવાઇ ગઈ અને પ્રથમની આઠ કુમારીઓ સાથે જોડાઈ ગઇ અને જિનગુણનો જે પ્રસ્તાવ અધોલોકની આઠ કુમારીએ કરી હતી તેની સાથે પોતાનો સુંદર સ્વર મેળવ્યો.

દેવીઓને પણ દેવતા પેઠે વિભંગ કે અવધિ-જ્ઞાન હોય છે. તેઓ બનવાના બનાવને જોઈ દેખી જાણી શકે છે અને પ્રભુના જન્મ વખતે તો તેઓનાં આસન ચલાયમાન થાય છે અને પ્રભુના જન્મનો આ રીતે ઉત્સવ કરવાનું પોતાનું કામ ઉપાડી લે છે.

આ પ્રમાણે સુંદર વાતાવરણ જામ્યા પછી રૂચક નામના પર્વત પર રહેનારી-સ્થાન કરી રહેલી આઠ કુમારીઓ પોતાનાં આસન ચલિત થવાથી પ્રભુનો જન્મ અવધિજ્ઞાનથી જાણી ત્યાં પ્રભુજન્મસ્થાને આવે છે. આ આઠે કુમારીઓ સંબંધી હકીકત ક્ષેત્રલોકમાં વિનયવિજય ઉપાધ્યાયે રજૂ કરેલી છે ત્યાંથી જાણી લેવી. તેનો મોટો પરિવાર પણ સાથે આવે છે. એ આઠે દેવીઓનાં નામ અનુક્રમે નીચે પ્રમાણે હોય છેઃ **નંદા, નંદોત્તરા, આનંદા, નંદિવર્ધના, વિજયા વૈજયંતી. જયંતી અને અપરાજિતા** હોય છે. આ આઠે દેવીઓને મોટો પરિવાર હોય છે અને તે સાથે આવે છે, આ આઠે દેવીઓ પોતપોતાના હાથમાં દર્પણ કાચ-આરિસા ધારણ કરીને પ્રભુની સામે તે કાચોને ધરે છે. આપણે જેને માન આપવું હોય, જેની ભક્તિ કરવી હોય તેની સામે દર્પણ ધરી ઊભા રહેવું તે મોટા માનની નિશાની છે.

આ દેવીઓ પણ હાથમાં દર્પણ ધારણ કરીને પ્રભુની સામે ઊભી રહી અને પ્રભુગુણગાનમાં ભળી ગઈ.

ભારત-જંબૂદ્વીપની ભૂગોળમાં આ પૂર્વ રૂચક પર્વતને પણ જાણી લેવાની જરૂર છે. આ દેવીઓ પૂર્વ રૂચકપરથી આવતી હોવાથી પૂર્વ રૂચકની દેવીઓ દિગ્કુમારી તરીકે જાણીતી થયેલી છે. તેઓ પણ ભક્તિસ્તવનામાં ભાગ લઈ તેમાં પોતાનો ફાળો અન્ય દેવીઓ સાથે આપે છે. અને સર્વ દેવીઓ સપરિવાર પૂર્વ દિશા તરફ ઊભી રહી પોતાનો માર્ગ કરી લે છે.

ત્યાર બાદ પ્રભુનો જન્મ પોતાના આસન કંપથી જાણી એજ રૂચક પર્વતના દક્ષિણ ભાગમાં વસનારી કુમારીઓ આવે છે. તેઓની સાથે પણ મોટો પરિવાર હોય છે. તેઓનાં નામો અનુક્રમે **સમાહારા સુપ્રદત્તા ( પ્રકીર્ણ ), સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા** અને **વસુંધરા** હોય છે. તે આઠે દેવીઓ પોતાના હાથમાં સોનાના જળથી ભરેલા કળશો ધારણ કરીને પોતાના પરિવાર સાથે પ્રભુના જન્મસ્થાન નજીક ગોઠવાઈ જઇ પ્રભુના ગુણગાનમાં ભળી જાય છે અને પોતાનો માર્ગ કરી લે છે અને પ્રભુજન્મ સ્થાનકપર દક્ષિણ ભાગમાં ઊભી રહે છે.

પ્રભુજન્મસ્થાન તે કોઈ નકામું અવાવરી ઓરડી નહોતી, પણ રાજદરબારનો એક સારો ઓરડો હતો, એટલે એમાં આ દેવીઓને પોતાનું સ્થાન કરી લેવાનું જરા પણ મુશ્કેલ ન લાગ્યું. ત્યાં સર્વ દેવીઓને પોતાને માટે અને પોતાના પરિવાર માટે પૂરતી જગ્યા હતી. સ્થાનક ભવ્ય અને વિશાળ હતું તેથી આવતી જતી દેવીઓને જરા પણ મુશ્કેલી ન પડી.

અત્યારે ઘરની નકામી ઓરડી સુવાવડી સ્ત્રીને આપવામાં આવે છે, પણ તે કાળમાં તો એવું નહોતું. સુવાવડ કરવામાં પણ પાપ માનવામાં આવતું નહોતું. એ એક સાંસારિક જરૂરિયાત છે એમ સમજી સગર્ભા સ્ત્રીને મદદ કરવાની પોતાની ફરજ ધારવામાં આવી હતી અને સગાં સ્નેહીઓની સ્ત્રીઓ સુવાવડીને મદદ કરવામાં એક પ્રકારનું ગૌરવ લેતી હતી. છપ્પન દિગ્કુમારીઓ પૈકી બત્રીશ આ રીતે પ્રભુનો જન્મોત્સવ ઉજવતી હતી તે વખતે પ્રભુના જન્મોત્સવને અંગે એક વધારે બનાવ બન્યો તે વિગતવાર જોઇએ.

એજ રૂચક પર્વતના પશ્ચિમ ભાગ પર આથમણી-એ આઠ દિગ્કુમારીઓ વસે છે. તેઓનાં નામો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુક્રમે **ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી**, **પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા અને સીતા** હોય છે. તે દેવીઓ–દિગ્‌કુમારી પોતાના મોટા પરિવાર સાથે પ્રભુના જન્મ સ્થાનકે આવી પહોંચી અને ભક્તિથી આઠે દિગ્‌કુમારીઓ પોતપોતાના હાથમાં પંખા ધારણ કરીને પ્રભુ ગુણસ્તવનમાં સપરિવાર ખડી રહી ગઇ તેઓ સર્વ પશ્ચિમ દિશાએ ખડી રહી અને પ્રભુ ગુણ ગાન કરવા લાગી. હાથમાં પંખા લઇ ઉભા રહેવું અને પંખા નાખવા એ રાજ્યમાન ગણાય છે અને દરેક રાજાને આવું માન પ્રતિહારી તરફથી મળે છે અને તે માટે ખાસ માણસની નોકરી મેળવાય છે. આ દેવીઓ એક પછી એક પશ્ચિમ દિશાએ ઉભી રહી અને પ્રભુના ગુણ ગાનમાં વધારો કરતી રહી અને જાતે વિવેકી હોઈ તેઓને સ્થાન મેળવવામાં જરાએ મુશ્કેલી પડી નહિ

હવે તેજ વખતે એજ **રૂચક** પર્વતના ઉત્તર ભાગમાં વસનારી આઠ દિગ્‌કુમારીઓનાં આસન કંપાયમાન થયાં તેઓએ પ્રભુના જન્મોત્સવનો પ્રસંગ અવધિજ્ઞાનથી જાણ્યો. તેઓનાં નામો અનુક્રમે **અલંબુષા, મિશ્રકેશી, પુંડરિકા, વારૂણી, હાસા, સર્વપ્રભા, હ્રીદેવી અને શ્રી દેવી** હતા. આ આઠ દેવીઓ આવી પોતાના હાથમાં ચામર લઇ પ્રભુની ઉત્તર દિશાએ ઉભી રહી અને ચામર વીંઝતી પ્રભુ ગુણગાનમાં અગાઉ આવેલી દેવીઓ સાથે મળી ગઇ અને ત્યાં તો મોટો મેળો થઈ ગયો દેવીઓનો મોટો પરિવાર પણ ત્યાં તે વખતે હાજર હતો.

હવે તેજ વખતે એજ રૂચક પર્વતની ચાર વિદિશામાં ચાર દેવીઓનાં સ્થાન હોય છે. તે દેવીઓનાં નામો અનુક્રમે **ચિત્રા, ચિત્રસેનકા, સુતેજા અને સૌદામની** હોય છે. તેઓએ પોતાના હાથમાં દીપક લીધા. આ દીપક ફાનસમાં હોય છે તેથી દેવીને તેની ગરમી લાગતી નથી. તે પણ પ્રભુ ગુણના સ્તવનો કરી બીજી દેવીઓ સાથે મળી ગઇ અને વિદિશામાં આવીને ઉભી રહી.

આવી રીતે રૂચક પર્વતની સર્વ મહત્વની દિશાઓ તો થઈ ગઇ પણ વચ્ચેનો મધ્યમભાગ બાકી રહ્યો. ત્યાં રહેતી અનુક્રમે **રૂપા, રૂપાશા** રૂપવતી અને સુરૂપા નામની ચાર દેવીઓએ આવી પ્રભુના નાભીનાલ ને કાપી નાખ્યું. તેઓ દેવી હોવાથી વિવેકી હતી અને ચાર અંગૂળ નાભિ રહેવા દીધી હતી. તેઓ પણ બધી દેવીઓની વચમાં આવીને સપરિવાર હાજર થઈ ગઇ અને પ્રભુ સ્તુતિ સ્તવન ચાલતાં હતાં તેમાં ભળી ગઈ અને પોતાનો સુર તેમાં પૂરાવીને તેનો વધારો કર્યો. તેમણે નાભીનાળને કાપી ખાડો ખોદી તેમાં નાળને દાટી દીધી. ખાડાના ભાગમાં પાંચ વર્ણનાં પુષ્પો નાખી ખાડો ભરી દીધો અને પ્રભુ જન્મસ્થાને નીલમણિની સરસ રચના કરી અને ખાડો ખોદ્યો હોય તેવી નિશાની પણ રહેવા ન દીધી. પછી પ્રભુના જન્મ સ્થાને પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશાએ ત્રણ કદલી ગૃહો બનાવ્યાં અને તેમાં ત્રણ સિંહાસનો પણ સ્થાપન કર્યા: પછી ગંધોદક, પુષ્પોદક અને સહસ્રપાક તેલથી પ્રભુને અભ્યંગ કરી તેને રચેલા ઉપર જણાવેલ સિંહાસન ઉપર બીરાજમાન કર્યા. અને ચુલ્લહિમવંત પર્વતથી કાષ્ટ મંગાવી કાષ્ટથી ઉત્પન્ન થતા અગ્નિમાં તેઓએ હોમ કરવા માંડયો અને પ્રભુ પોતાના પુણ્યપ્રતાપથી સુરક્ષિત છે, છતાં તેને એક રક્ષાપોટલી બાંધી.

આવી રીતે રૂચક પર્વતની ચારે દિશાએથી આઠ આઠ અને વિદિશા (ખૂણાની) ચાર અને રૂચક પર્વતના મધ્યભાગની ચાર, અને પાતાળ તથા ઉર્ધ્વલોકની આઠ આઠ દિગ્‌કુમારી પોતાના હજારોના પરિવાર સાથે સાફસુફી અને નાભીકર્મ કરી રહી અને પ્રભુને રક્ષાપોટલી બાંધી તેમના ગુણગાન કરતી પોતાની જાતને ભાગ્યશાળી માનવા લાગી. આ વખતે રાજભુવનના એ સિદ્ધારથ રાજાના ભુવનમાં દેવદેવીઓ મળીને બે લાખથી પણ વધારેની સંખ્યામાં હશે, કારણ કે એકેક દેવીના પરિવારમાં ચાર ચાર હજાર દેવો તો ઓછામાં ઓછા છે, જો કે જાતે કુમારી છે તેથી બે લાખ ઉપરાંત દેવ દેવીઓ હાજર હતા અને છતાં તેમણે સાફસુફી અને નાભીકર્મનું કાર્ય જરા પણ અવાજ વગર કર્યું. (ક્રમશ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'પર્યુષણ' પર્વ અંગેનું સાહિત્ય

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ

'પર્વ' એ ગુજરાતી ભાષાનો શબ્દ છે એને માટેનો સંસ્કૃત શબ્દ 'પર્વન્' છે અને પાઇય (પ્રાકૃત) 'પવ્વ' છે. આ ત્રણે શબ્દો અનેકાર્થી છે. 'પર્વ'ના [1] પાંચ અર્થ **સાર્થ** ગૂજરાતી જોડણીકોશમાં અપાયા છે. એક સંસ્કૃત અંગ્રેજી કોશમાં 'પર્વન્' શબ્દના અગિયાર અર્થ દર્શાવાયા છે. આ પૈકી પવિત્ર દિવસ-તહેવાર અત્ર અભિપ્રેત છે.

દરેક ધર્મ, સંપ્રદાય, સમાજ અને રાષ્ટ્રને પોતપોતાનાં પર્વો હોય અને છે. એ હિસાબે જૈન ધર્મ અંગેનાં પણ પર્વો છે એને આપણે holy day કિંવા religious festival કહી શકીએ. જૈનોનાં ધાર્મિક પર્વોની સૂચી કેટલાંક ભીંતિયા પંચાંગોમાં પણ જોવાય છે. આ [2]બધાં પર્વોમાં 'પર્યુષણ-પર્વ' આદ્ય સ્થાન ભોગવે છે. આથી મેં આ પર્વને ઉદ્દેશીને નિમ્નલિખિત લેખો લખ્યા છે અને એ છપાયા છે:-

**લેખનું નામ**

પર્યુષણ પર્યાલોચન-આવશ્યક અંગો
પ્રકાશન:- જૈન તા-૯-૯-૨૮

પર્યુષણ પર્વાધિરાજનું પર્યાલોચન
પ્રકાશન:- જૈન તા-૧૭-૮-૩૦

પર્યુષણ પર્વાધિરાજ પરત્વે પરામર્શ
પ્રકાશન:- જૈન તા-૨૮-૮-૩૨

પર્યુષણ પર્વની આરાધનાની ચાવી
પ્રકાશન:- જૈન તા-૨૦-૮-૩૩

પર્વાધિરાજનું સ્વાગત
પ્રકાશન:- જૈન તા-૨-૯-૩૪

આજે આ પર્વને અંગેના સાહિત્યની આછી રૂપરેખા આલેખું છું.

**સાહિત્ય**–'પર્યુષણ' પર્વને ઉદ્દેશીને જાતજાતની કૃતિઓ અત્યાર સુધીમાં રચાઇ છે. એમાં આ પર્વનો મહિમા, એને અંગેનું કર્તવ્ય, એ પર્વની પ્રાચીનતા, એ પર્વનું પરિમાણ, શ્વેતાંબરો અને દિગંબરોની એને લગતી માન્યતા ઇત્યાદિ અનેક બાબતો વિચારાઇ છે. આ કૃતિઓની ભાષા સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી છે. પર્યુષણાપર્વવિચાર નામની એક અજ્ઞાતકર્તૃક રચના છે. પર્યુષણાવિચાર નામની વિવિધ કૃતિઓ છે.—

(૧) [1]**પર્યુષણાવિચાર**—આ મુનિચન્દ્રે ૧૨૫ શ્લોકમાં રચેલી કૃતિ છે.

(૨) **પર્યુષણાવિચાર**—આ હર્ષભૂષણગણિએ વિ. સં. ૧૪૮૬માં ૨૫૮ શ્લોક જેવડી રચેલી કૃતિ છે.

(૩) **પર્યુષણાવિચાર**—આના કર્તાનું નામ જાણવામાં નથી.

**પર્યુષણાષ્ટાહ્નિકા વ્યાખ્યાન**—આ નામની ત્રણ કૃતિ છે. એક કૃતિ નંદલાલે વિ. સં. ૧૭૮૯માં રચી છે.[2] બાકીની બે કૃતિઓમાંની એક ક્ષમાકલ્યાણે તો એક લક્ષ્મીવિજયે રચી છે.

કોઇકે વિ. સં. ૧૮૯૩ માં પર્યુષણાવ્યાખ્યાન રચ્યું છે.

આ કૃતિઓ ઉપરાંત થોય, ચૈત્યવંદન, સ્તવન અને સજ્ઝાય 'પર્યુષણ' પર્વને લક્ષીને રચાયાં છે એની હવે હું ક્રમસર રૂપરેખા આલેખું છું.

**થોયો**–સ્તુતિતરંગિણી (ભા. ૧, પૃ. ૧૮૬-૨૦૦)માં પર્યુષણ પર્વને અંગેની ચચ્ચાર પદ્યની

૧ ગ્રંથનો ભાગ, (આ) આઠમ, ચૌદસ, પૂનમ અને અમાસ એમાંની એક તિથિ, (ઈ) પવિત્ર દિવસ, (ઇ) તહેવાર અને (ઉ) સાંઠાનો એક ગાંઠથી બીજા ગાંઠા સુધીનો ભાગ.

૨ આ પૈકી જ્ઞાનપંચમી વગેરેને લગતા મારા લેખોની નોંધ **હીરક-સાહિત્ય-વિહાર** (પૃ. ૧૬)માં છે.

૧-૨ આનો સંક્ષિપ્ત પરિચય મેં મારા જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર (DCGCM) Vol. XIXમાં આપ્યો છે.



For Private And Personal Use Only

પંદર થોય અપાઈ છે. એનાં પ્રતીકાદિ નીચે મુજબ છે:—

| ક્રમાંક | પ્રતીક | કર્તા |
|---|---|---|
| ૧ | પર્વ પજુસણુ પુણ્યે કીજે | જ્ઞાનવિમલ |
| ૨ | પુનિત પર્વ પજુસણુ આવ્યાં | લબ્ધિસૂરિ |
| ૩ | પુણ્યવંત પોશાલે આવે | સાવલબ્ધિસૂરિ (?) |
| ૪ | પુણ્યનું પોષણુ પાપનું શોષણું | ખિમાવિજય |
| ૫ | સત્તરભેદી જિનપૂજા રચીને | માનવિજય |
| ૬ | સુકૃત કરણી ઉદય કરીને | હર્ષ |
| ૭ | પર્વ પર્યુષણુ પુણ્યે પામી | અમરવિજય |
| ૮ | વરસ દિવસમાં અષાડ ચોમાસ | જિણંદસાગર (?) |
| ૯ | પામી પર્વ પજુસણુ સાર | માણેકવિજય |
| ૧૦ | વીર જિનેસર અતિ અલવેસર | બુદ્ધિવિજય |
| ૧૧ | પર્વ પજુસણુ પુણ્યે પામી | વિજયદેવસૂરિ |
| ૧૨ | મણિરચિત સિંહાસન બેઠા | ચિદાનંદ |
| ૧૩ | પર્વ પજુસણુ સર્વ સજાઇ | ઉદયવાચક |
| ૧૪ | જિન આગમ ચૌથળી ગાઇ | ભાવરત્ન |
| ૧૫ | પર્વ પજુસણુ પુણ્યે પામી | ? |

**રાગ**—આ પંદર થોય પૈકી ક્રમાંક ૧, ૩, ૮, ૯ અને ૧૪ વાળી થોય માટે "શ્રી શત્રુંજય તીરથ સાર" નો ઉલ્લેખ ઉપર્યુક્ત પુસ્તકમાં કરાયો છે. એવી રીતે ક્રમાંક ૪, ૭, ૧૦, અને ૧૧ વાળી થોય માટે નીચે મુજબ ઉલ્લેખ છે:

"વીર જિનેસર અતિ અલવેસર".

તેરમી અને પંદરમી થોય માટે "સત્તરભેદી જિનપૂજા રચીને" નો ઉલ્લેખ છે

બીજી થોય માટે "પર્વ પજુસણુ પુણ્યે પામી" અને બારમી માટે "શત્રુંજયમંડન ઋષભજિણંદ દયાલ" નો ઉલ્લેખ છે.

**વિષય**—પહેલી થોયમાં નીચે મુજબની બાબતો અપાઈ છે:—

( ૧ ) સત્તરભેદી પૂજા ભણાવવી
( ૨ ) શ્રીફળની પ્રભાવના કરવી
( ૩ ) યાચકોને દાન આપવું
( ૪ ) 'અમારિ' પળાવવી
( ૫ ) ચોથ, છટ્ઠ અને અટ્ઠમની તપસ્યા કરવી
( ૬ ) સ્વામીવાત્સલ્ય કરવું
( ૭ ) કલ્પસૂત્ર ઘેર પધરાવવું
( ૮ ) આદિનાથની પૂજા કરવી
( ૯ ) વડા કલ્પથી અર્થાત્ કલ્પધરથી શરૂઆત કરવી
(૧૦) દશ કલ્પનો ઉલ્લેખ
(૧૧) નાગકેતુનો ઉલ્લેખ
(૧૨) નવ વ્યાખ્યાનો પરિચય.

(अ) નમુત્થુણં, (आ) સ્વપ્નો, (इ) સ્વપ્નપાઠક, (ई) મહાવીરસ્વામીનો જન્મ, (उ) દીક્ષા, (ऊ) પારણું, પરીષહ, તપ, દાન, ગણધરવાદ અને નિર્વાણુ, (ऋ) પાર્શ્વનાથ અને નેમિનાથને અંગેનાં આંતરાં, (ॠ) ઋષભદેવનું ચરિત્ર, (ऌ) સંવત્સરીને દિવસે બારસા-સૂત્ર, સામાચારી અને ગુરુપટ્ટાવલીનું શ્રવણુ.

(૧૩) ચૈત્યપરિપાટી કરવી.
(૧૪) ખમતખામણાં કરવાં.
(૧૫) સાંવત્સરી દાન દેવું.
(૧૬) ચક્રેશ્વરી દેવીનો ઉલ્લેખ.

આ થોયની ત્રીજી કડીમાં 'તેલાધર'નો ઉલ્લેખ છે.

**બીજી થોયમાં** આ પૈકી કેટલીક વિગતો છે. વિશેષમાં સાંવત્સરિક પ્રતિક્રમણ કરવાની વાત છે. પર્યુષણપર્વ સંબંધી અમુક અમુક કૃત્યો કરવા માટે કોઈ સ્ત્રી પોતાના પતિને ભલામણ કરતી હોય તે રીતે આ થોય રચાઈ છે. આવી હકીકત ચોથી અને સાતમી થોયોમાં પણુ જેવાય છે.

**ત્રીજી થોયમાં** નીચે મુજબનાં કર્તવ્યો ગણાવાયાં છે:—

(૧) ઘાંચીની ઘાણી છોડાવવી, (૨) જીવન-બંધનની જાળ તોડાવવી, (૩) બંદીવાનોને છોડાવવાં, (૪) આઠ દિવસ સુધી અમારિ પળાવવી, (૫) સ્વામિવત્સલ 'મેરુ' ભરાવવો, (૬) પૌષધ અને પતિક્રમણ કરવાં, (૭) પુસ્તક ઘેર પધરાવી રાત્રીજગો કરવો, (૮) પુસ્તક ગુરુને અર્પવું, (૯) ગહુંલી સુવાસણ કરવી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાર બાદ નિમ્નલિખિત વિગતોનો ઉલ્લેખ છે.

(૧૦) નવ વ્યાખ્યાનની સંક્ષિપ્ત સમજણ. (૧૧) નિશાળગરણાને અંગે ખાંડપડા, પેંડા, પતાસા, ખાંડના ખડિયા અને નાળિયેરની પ્રભાવના કરવી, (૧૩) સ્થવિરાવલીનું સંક્ષિપ્ત વર્ણન, (૧૪) જળકસ મસરુ, પાઠાં, અને રૂમાલ, પોથી અને ઠવણીનો ઉલ્લેખ, (૧૫) ગુરુનું પૂજન કરવું, (૧૬) સામાચારીમાં સાસુ જમાઇના અડિયા ને દડિયાનું શ્રવણ કરવું, (૧૭) સિદ્ધાયિકાનો ઉલ્લેખ.

**ચોથી થોયમાં** :-નીચેની બાબતો રજૂ કરાઇ છે: (૧) કલ્પ ઘેર પધરાવો (૨) પુત્રને હાથી ઉપર બેસાડી વાજા વગડાવો (૩) વીરચરિત્ર સુણાવો (૪) પહેલાં આઠ વ્યાખ્યાનોની રૂપરેખા (૫) છઠ્ઠ, અઠ્ઠમ અને અઠ્ઠાઇની તપશ્ચર્યા કરવી (૬) જિન ચૈત્યને વંદન (૭) વાર્ષિક પ્રતિક્રમણ (૮) મુનિઓને વંદન (૯) સકળ સંઘને ખમાવવા (૧૦) આઠ દિવસ સુધી અમારિની પ્રભાવના (૧૧) સુપાત્રે દાન દેવું (૧૨) ભદ્રબાહુસ્વામીકૃત ગ્રંથનું શ્રવણ (૧૩) પર્યુષણ પર્વની શ્રેષ્ઠતા (૧૪) સ્વામિવાત્સલ્ય કરવું (૧૫) પકવાનનો ઉલ્લેખ (૧૬) સિદ્ધાયિકાનો ઉલ્લેખ.

**પાંચમી થોયના** વિષય નીચે પ્રમાણે છે:— (૧) સત્તરભેદી જિનપૂજા ભણાવવી (૨) સ્નાત્ર મહોત્સવ કરવો (૩) ઢોલ, દદામા, ભેરી, નફેરી અને ઝલ્લરીનો ઉલ્લેખ. (૪) માસખમણ, પાસખમણ, દસમ, દુવાલસ, ચત્તારિ, અઠ્ઠ. દસ અને દોયની તપશ્ચર્યા (૫) ચોવીસ જિનનું પૂજન (૬) વડાકલ્પનો છઠ્ઠ કરવો (૭) વીરનું વ્યાખ્યાન સાંભળવું (૮) આઠ દિવસ સુધી અમારિ પળાવવી (૯) અઠ્ઠમનો તપ કરવો (૧૦) નાગકેતુનો ઉલ્લેખ (૧૧) તેલાધરને દિવસે ત્રણ કલ્યાણક અને ગણધરવાદ (૧૨) આંતરા અને ઋષભદેવનું ચરિત્ર સાંભળવું (૧૩) બારસાસૂત્ર અને સામાચારી (૧૪) સાંવત્સારિક પ્રતિક્રમણ (૧૫) ચૈત્ય પરિપાટી (૧૬) સકળ જીવોને ખમાવવા (૧૭) પારણાને દિવસે મહાસ્વામીવાત્સલ્ય (૧૦) સિદ્ધાયિકા દેવીનો ઉલ્લેખ.

**છઠ્ઠી થોયમાંની બાબતો**-

(૧) અષ્ટપ્રકારી પૂજા, (૨) પૌષધ કરવો (૩) દાન દેવું, (૪) પર્યુષણ પર્વની આરાધનાથી શુભગતિના આયુષ્યનો બંધ, (૫) વીરચરિત્ર સાંભળવું, (૬) થેરાવલી, (૭) સામાચારી, (૮) છઠ્ઠ અને અઠ્ઠમ કરવા, (૯) સંવત્સરીને દિવસે ખમતખામણાં, (૧૦) શાસનદેવીનો બાંધેભારે ઉલ્લેખ.

**સાતમી થોયમાંની વિગતો**:-

(૧) પકવાન બનાવી સંઘને સંતોષવો, (૨) ચોવીસ જિનેશ્વરનું પૂજન, (૩) કલ્પસૂત્રની રૂપરેખા, (૪) કલ્પસૂત્રનું શ્રવણ, (૫) સાંવત્સરિક પ્રતિક્રમણ, (૬) ગોમુખ, ચક્રેશ્વરી, માણિભદ્ર અને અંબિકાનો ઉલ્લેખ.

**આઠમી થોયની રૂપરેખા**:—

(૧) ચોમાસા પૈકી આષાઢ ચોમાસુ અને તેમાં યે ભાદરવો અને એના આઠ દિવસની ઉત્તમતા, (૨) અઠ્ઠાઇધરનો ઉપવાસ (૩) પૌષધ (૪) વડાકલ્પનો છઠ્ઠ (૫) વડાકલ્પનું શ્રવણ (૬) નવ વ્યાખ્યાનની આછી રૂપરેખા (૭) ગહુંલી (૮) પ્રભાવના (૯) અઠ્ઠમનો તપ (૧૦) આઠ દિવસ અમારિ પળાવવી (૧૧) સંવત્સરીને દિવસે બારસાસૂત્રનું શ્રવણ (૧૨) થેરાવલી, સામાચારી અને પટ્ટાવલીનું શ્રવણ (૧૩) સત્તર ભેદી પૂજા (૧૪) નાટકનો ખેલ (૧૫) સ્નાત્ર ભણાવવું (૧૬) આડંબરપૂર્વક દહેરે જવું (૧૭) સાંવત્સરિક પ્રતિક્રમણ (૧૮) સકળ સંઘને ખમાવવો (૧૯) પારણે સ્વામીવાત્સલ્ય (૨૦) દાન દેવું.

**નવમી થોયની રૂપરેખા**:—

(૧) સત્તરભેદી પૂજા, (૨) કલ્પસૂત્રનું શ્રવણ, (૩) નવ વ્યાખ્યાનની સમજણ, (૪) ચોવીસ જિનવરોનાં નામ, (૫) ચૈત્યપરિપાટી, (૬) યથાશક્તિ તપ, (૭) મુનિવરોને વંદન, (૮) સાંવત્સરિક પ્રતિક્રમણ, (૯) સકળ સંઘને ખામવો, (૧૦) પર્યુષણની ઉત્તમતા, (૧૧) સ્વામીભક્તિ, (૧૨) સિદ્ધાયિકાનો ઉલ્લેખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દસમી થોયની વિગતો:—**

(૧) વડાકલ્પનું વ્યાખ્યાન સાંભળવું, (૨) છઠ્ઠનો તપ કરવો, (૩) નવ વ્યાખ્યાનનું સંક્ષિપ્ત સ્વરૂપ, (૪) આઠ દિવસ સુધી અમારિ પળાવવી, (૫) સાંવત્સરિક દાન દેવું, (૬) અઠ્ઠમ કરવો, (૭) બારસા સાંભળવી (૮) થિરાવલી સાંભળવી (૯) સામાચારી સાંભળવી (૧૦) પટ્ટાવલી સાંભળવી (૧૧) પુસ્તક લખવાં લખાવવાં (૧૨) સાંવત્સરિક પ્રતિક્રમણ (૧૩) સાથે મળીને ખામણાં કરવાં (૧૪) પારણે સ્વામી-વાત્સલ્ય (૧૫) બાંધિભારે શાસનદેવીનો ઉલ્લેખ.

**અગિયારમી થોય ગત વિગતો —**

(૧) સામાયિક, પ્રતિક્રમણ અને પૌષધ કરવા (૨) કલ્પસૂત્રનું શ્રવણ (૩) ચાર પ્રકારનો ધર્મ (૪) આઠ દિવસ અઠ્ઠાઇ પાળવી (૫) છઠ્ઠ અને અઠ્ઠમ કરવા (૬) ચક્રેશ્વરીનો ઉલ્લેખ.

**બારમી થોયને લગતી બાબતો :—**

(૧) પર્યુષણ પર્વની ઉત્તમતા (૨) નાગકેતુની પેઠે કલ્પસાધના કરવી (૩) વ્રત નિયમ અને આખડી (૪) બે પ્રકારની પૂજા, (૫) પાંચ પ્રકારનું દાન, (૬) પ્રતિક્રમણો કરવાં, (૭) શીયળ પાળવું, (૮) કલ્પસૂત્રનું નવ વાર શ્રવણ કરવાથી સાત-આઠ ભવે મુક્તિ, (૯) ચૈત્યપરિપાટી, (૧૦) ખમતખામણાં, (૧૧) સ્વામીવાત્સલ્ય, (૧૨) અઠ્ઠાઈ મહોત્સવ, (૧૩) બાંધિભારે શાસનદેવનો ઉલ્લેખ.

**તેરમી થોય:—**

(૧) ચતુર્વિધ ધર્મની આરાધના, (૨) દશાશ્રુત-માંથી કલ્પસૂત્રનો ભદ્રબાહુસ્વામીએ કરેલો ઉદ્ધાર, (૧૩) નવ વ્યાખ્યાન વિષે ઉલ્લેખ, (૪) ચોથ, છઠ્ઠ અઠ્ઠમ, અઠ્ઠાઈ, દસ, પંદર, ત્રીસ, ૪૫, ૬૦ અને ૭૫ ઉપવાસોનો નિર્દેશ, (૫) શાસનદેવીનો બાંધિભારે ઉલ્લેખ.

**ચૌદમી થોય:—**

(૧) ચતુષ્પર્વી, ત્રણ ચોમાસી, ચાર અઠ્ઠાઈનો ઉલ્લેખ (૨) પૌષધ (૩) પ્રતિક્રમણ (૪) માસખમણ, પાસખમણ, અઠ્ઠાઈ અને કલ્પધરને અંગે નિર્દેશ (૫) દાન, દયા, દેવપૂજા, અને ગુરુપૂજન (૬) કલ્પ-સૂત્ર સાંભળવું (૭) નવ વ્યાખ્યાનની સમજણ (૮) અષાઢીથી પચાસમે દિવસે પર્યુષણ (૯) ૨૯ દિવસ ? (૧૦) વિકૃતિનો ત્યાગ (૧૧) કુંભારનું "મિચ્છામિ દુક્કડં" (૧૨) સિદ્ધાયિકાનો ઉલ્લેખ.

**પંદરમી થોય:—**

(૧) આઠે દિવસ અહિંસાનું પાલન (૨) જિન-પૂજન (૩) નાટક અને વાજિંત્ર (૪) અઠ્ઠમ (૫) પૌષધ (૬) કલ્પસૂત્રનું પૂજન (૭) પ્રતિક્રમણ (૮) સાંવત્સરિક દાન (૯) પારણાના દિવસે પ્રતિલાભવું.

**ચૈત્યવંદનો**—આત્મકલ્યાણમાળા ( પૃ. ૧૨૬-૧૩૧ )માં જે દસ ચૈત્યવંદન અપાયાં છે. તેના પ્રતીકાદિ નીચે મુજબ છે:—

| ક્રમાંક | પ્રતીક | પદ્ય સંખ્યા | કર્તા |
|---|---|---|---|
| ૧ | પર્વ પજુસણ ગુણનીલો | ૯ | વીરવિજય |
| ૨ | શ્રી શત્રુંજય શૃંગારહાર | ૩ | વિનયવિજય |
| ૩ | પ્રણમું શ્રીદેવાધિદેવ | ૩ | ,, |
| ૪ | કલ્પતરુવર કલ્પસૂત્ર | ૩ | વિનયવિજય |
| ૫ | સ્વપ્નવિધિ કહે સુત | ૩ | , |
| ૬ | જિનની બહેન સુદર્શના | ૩ | ? |
| ૭ | પાર્શ્વ જિનેશ્વર નેમિનાથ | ૩ | ? |
| ૮ | પર્વરાજ સંવત્સરી | ૩ | વિનયવિજય |
| ૯ | વડાકલ્પ પૂરવ દિને | ૪ | પદ્મવિજય |
| ૧૦ | નવ ચોમાસી તપ કર્યાં | ૭ | ,, |

પર્વતિથિ વગેરેના ચૈત્યવંદનાદિનો સંગ્રહ ( પૃ. ૨૭-૩૧ )માં ઉપર્યુક્ત દસ ચૈત્યવંદનો પૈકી પહેલા સિવાયનાં નવ અપાયેલાં છે.

પહેલા ચૈત્યવંદનમાં નવ કલ્પ વિહાર અને ચાર મહિનાની સ્થિરતા, અષાડ સુદ ચૌદસથી પચાસમે દિવસે સંવત્સરી અને ત્યાર બાદ સિત્તેર દિવસે ચાતુર્માસિક પ્રતિક્રમણ, કલ્પસૂત્રના શ્રવણથી પ્રાયઃ આઠમે ભવે મુક્તિ, ઉદાયી રાજાના ખમતખામણાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવ વ્યાખ્યાન, ભાદરવા સુદ પાંચમે સંવત્સરી ન કરતાં ચોથે કરવાની ભલામણ એમ વિવિધ બાબતો દર્શાવાઇ છે.

બીજા ચૈત્યવંદનમાં ઋષભદેવને અંગે કેટલીક વિગતો અપાઇ છે.

ત્રીજા ચૈત્યવંદનમાં જિન પ્રતિમાના પૂજનનો નિર્દેશ છે.

ચોથાથી [1]છઠ્ઠા ચૈત્યવંદનમાં મહાવીરસ્વામીનો અધિકાર, સાતમામાં આંતરા, સ્થવિરાવલી, સામાચારી, ઇત્યાદિનો ઉલ્લેખ અને આઠમામાં કલ્પસૂત્રનું પરિમાણ, હીરવિજયસૂરિએ કહેલા બાર બોલ અને કર્તાનો પ્રીતિવિજયના શિષ્ય તરીકે ઉલ્લેખ એમ વિવિધ વિગતો રજૂ કરાઈ છે.

નવમા ચૈત્યવંદનમાં નીચે મુજબનાં કર્તવ્યો ગણાવાયાં છે વડાકલ્પને આગલે દિવસે કલ્પસૂત્ર ઘેર લાવવું, રાત્રિજાગરણ કરવું, ઘોડા કે હાથી ઉપર પુત્રને ગુરૂ પાસે લાવવો, વડાકલ્પને દિવસે મહાવીરસ્વામીનું ચરિત્ર સાંભળવું, છઠ્ઠ અને દ્વાદશ તપ કરવાં, તેમજ સાધર્મિક વાત્સલ્ય, પૂજા અને પ્રભાવના કરવાં.

અંતમાં કહ્યું છે કે એકવીસવાર કલ્પસૂત્ર સાંભળે તે સંસારસાગર તરી જાય.

દસમા ચૈત્યવંદનમાં મહાવીરસ્વામીએ કરેલી વિવિધ તપશ્ચર્યા અને પ્રતિમાનો ઉલ્લેખ છે. સાથે સાથે એમણે છદ્મસ્થ અવસ્થામાં ૩૪૯ દિવસ આહાર કર્યો એ વાત પણ કહેલી છે.

બીજાથી આઠમા સુધીનાં ચૈત્યવંદનો એક જ કર્તાની રચના હોય એમ લાગે છે. વળી એ દરેકમાં ત્રણ ત્રણ કડી છે. આ બાબતો વિચારતાં, બીજાથી અને તેમ ન જ હોય તો ચોથાથી આઠમા સુધીનાં ચૈત્યવંદનો એક જ ચૈત્યવંદનના અંશો હોય એમ માનવા હું પ્રેરાઉં છું. જો એ મંતવ્ય સાચું જ હોય તો ચૈત્યવંદનોની સંખ્યા ચાર કે છ ગણાય.

[1] આ ચૈત્યવંદનમાં 'તેલાધર'નો ઉલ્લેખ છે.

માસ્તર ઉમેદચંદ રાયચંદે ઇ. સ ૧૯૨૭ માં પ્રકાશિત દેવવંદનમાળામાં પૃ. ૩૨૭-૩૨૮ માં લક્ષ્મીસાગરના શિષ્ય પ્રમોદસાગરે તેર કડીમાં રચેલું પર્યુષણનું ચૈત્યવંદન છપાયેલું છે. એની શરૂઆત નીચે મુજબ કરાઈ છે:—

"સકળ પર્વ શૃંગારહાર પર્યુષણ કહીએ."

આ ચૈત્યવંદનમાં પર્યુષણને અંગેનાં શ્રાવકનાં કર્તવ્યોનો નિર્દેશ છે. વિશેષમાં વીરચરિત્ર, પાર્શ્વચરિત્ર, નેમિચરિત્ર, ઋષભચરિત્ર, સ્થવિરાવલી, સામાચારીને કલ્પસૂત્રરૂપ કલ્પવૃક્ષનાં અનુક્રમે બીજ, અંકુર, સ્કન્ધ, પત્ર અને શાખાનો સમુદાય, કુસુમોનો સમૂહ અને સુગંધની ઉપમા અપાઈ છે. અંતમાં નવમા પૂર્વમાંથી કલ્પસૂત્રનો ઉદ્ધાર કર્યાની વાત તેમજ કાલકસૂરિએ પાંચમની સંવત્સરીને બદલે ચોથની કરી તે બાબત રજૂ કરાઈ છે.

**સ્તવનો:**—પર્વતિથિ વગેરેના ચૈત્યવંદનાદિનો સંગ્રહ (પૃ ૧૯૮-૧૯૯)માં બાર કડીનું અને "પ્રભુ વીર જિણંદ વિચારી"થી શરૂ થતું એક સ્તવન અપાયું છે એની અંતિમ પંક્તિ નીચે મુજબ છે:-

"સેવને દાન દયા મનોહારી"

શું આ પંક્તિમાં કર્તાએ પોતાનું નામ શ્લેષ દ્વારા સૂચવ્યું છે? જો એમ હોય તો એ નામ શું છે?

આ સ્તવનમાં પર્યુષણ પર્વની તેમજ કલ્પસૂત્રની શ્રેષ્ઠતા, જાતજાતનાં તપ કરવાની ભલામણ, નવ પૂર્વના સાર રૂપે કલ્પસૂત્રનો નિર્દેશ, કલ્પસૂત્રનું પૂજન, કલ્પસૂત્રના એકવીસ વારના શ્રવણથી તે જ ભવમાં મુક્તિ ઇત્યાદિ વિવિધ બાબતો નિરૂપાઈ છે.

**પંચ પ્રતિક્રમણાદિ સૂત્રાર્થ** (પૃ. ૪૮૮)માં આઠ કડીનું અને "સુણજો સાજન સંત"થી શરૂ થતું એક સ્તવન અપાયું છે. એમાં પર્યુષણ પર્વની ઉત્કૃષ્ટતાનાં વિવિધ ઉદાહરણોપૂર્વક ઉત્તમતા દર્શાવાઇ છે. તેમ કરતી વેળા નીચે મુજબનાં પર્વ ગણાવાયાં છે. અખાત્રીજ, દશેરા, દીવાસો, દીવાળી, બળેવ અને હોળી.

અંતિમ ભાગમાં પર્યુષણને અંગેનાં કેટલાંક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્તવ્યો ગણાવાયાં છે. દા. ત. કલ્પસૂત્રનું પૂજન, અને નવ વ્યાખ્યાનોનું શ્રવણ.

છેલ્લી પંક્તિ નીચે પ્રમાણે છે:—

"વિબુધ સેવક એહથી નવ નિધિ રુધિ સિદ્ધિ વર્યા રે"

આત્મકલ્યાણમાળામાં પર્યુષણ પરત્વે એક પણ સ્તવન નથી તો તેનું શું કારણ એમ એક ભાઈ પૂછે છે.

"લઘુ જૈન ધર્મ પ્રવર્તક સભા" તરફથી અમદાવાદથી ઈ. સ. ૧૯૧૨માં પ્રકાશિત "ચતુર્વિંશ જીનેન્દ્ર સ્તવનાવલી"માં પૃ ૨૨–૨૪ માં શ્રી નીતિવિજયજીના શિષ્ય શ્રી સિદ્ધિવિજયે પંદર કડીમાં વિ. સં. ૧૯૫૨માં રચેલું પર્યુષણનું સ્તવન છપાવાયું છે. એમાં તપના પ્રભાવ તરીકે નાગકેતુ, દૃઢપ્રહારી અને હરિકેશીનો ઉલ્લેખ કરાયો છે.

**જિનગુણ મંગળ સ્તવનાવલી** નામનું પુસ્તક શ્રી ડાહી પરોપકારીએ ઈ. સ. ૧૯૨૦ માં અહીંથી–સુરતથી છપાવ્યું છે. એનાં પૃ. ૨૨૦–૨૨૨ માં ૪૩ પંક્તિનું અને "પર્વ પજૂસણ આવિયાં રે લોલ"થી શરૂ થતું અને હંસે (? હંસવિજયે) રચેલું પર્યુષણ–પર્વનું સ્તવન છપાયું છે વળી આજ પુસ્તકમાં પૃ. ૨૨૦ માં દસ પંક્તિનું એક બીજું સ્તવન અપાયું છે. એની શરૂઆત "આવ્યો ઉત્તમ દહાડો રે"થી કરાયો છે.

**સજ્ઝાયો**—આત્મકલ્યાણમાળા (પૃ. ૪૮૧–૪૯૯)માં બે સજ્ઝાય છપાયેલી છે. પહેલી સજ્ઝાય બાર કડીની છે. એની શરૂઆત "શ્રી સરસ્વતી ધ્યાવો"થી કરાઈ છે, એના કર્તા જ્ઞાનવિમલ છે. એમાં જીવદયાનું પાલન, સૂત્રનું શ્રવણ, પૂજા અને સ્નાત્ર, વિવિધ તપશ્ચર્યા, મૈત્રીભાવના, ગુરુ અને પુસ્તકની પૂજા ઇત્યાદિ બાબતો નિર્દેશાઈ છે.

આ પુસ્તકમાં બીજી સજ્ઝાય જે અપાઈ છે તે અગિયાર ઢાલની છે અને એના કર્તા માણેકવિજય છે. પૃ. ૪૯૮ માં નીચે મુજબનું ટિપ્પણ છે:—

"આઠમા વ્યાખ્યાનમાં સ્થવિરાવલીની સજ્ઝાયની ઢાલ ન મળવાથી છાપેલ નથી."

આ ઉપરથી ખરી રીતે બાર ઢાલ હોવી જોઈએ એટલે અનુપલબ્ધ ઢાલ માટે ભંડારોમાં તપાસ થવી ઘટે.

ઉપર્યુક્ત ૧૧ ઢાલની કડીઓની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે:—

૯, ૧૨, ૯, ૯, ૯, ૧૫, ૨૧,[1] ૮, ૧૧, ૧૪ અને ૯. પ્રથમ વ્યાખ્યાનને અંગે બે અને સાતમાની ત્રણ, જ્યારે આઠમા સિવાયનાં બાકી બધાં વ્યાખ્યાનની એકેક ઢાલ હોવાનો ઉપર્યુક્ત પુસ્તકમાં ઉલ્લેખ છે. આઠમા માટે એકે ઢાલ મળી નથી.

નવમી ઢાલની અંતિમ પંક્તિ નીચે પ્રમાણે છે.

"ઈહાં પૂરણ વ્યાખ્યાન સાતમું,
સુણી પુણ્ય ભંડારને સાંચે રે"

આના ઉપર ઉપર્યુક્ત પુસ્તકમાં નીચે મુજબ ટિપ્પણ છે તે સમુચિત છે:—

"સાતમું વ્યાખ્યાન તો આંતરા બાદ શ્રી આદીશ્વર ચરિત્ર પૂર્ણ થાયે ત્યારે ગણાય. એમ છતાં અહીં તે અગાઉ જ સાતમા વ્યાખ્યાનની સમાપ્તિ જે કહી તે વિચારણીય છે"

"જૈન જ્ઞાન પ્રસારક મંડળ" તરફથી ઈ. સ. ૧૯૧૧માં "સાર્થ પંચપ્રતિક્રમણ સૂત્ર" નામથી પ્રકાશિત પુસ્તકમાં (પૃ. ૪૩૦–૪૩૧) અગિયાર કડીની એક સજ્ઝાય છે. એનો પ્રારંભ નીચે મુજબ કરાયો છે:—

"પર્વ પજુસણ આવિયાં રે લાલ,
કીજે ઘણાં ધર્મ ધ્યાન રે"

એની અંતિમ પંક્તિમાં કર્તાએ પોતાનું નામ

૧ ખરી રીતે નવ કડી છે. પાંચમી કડી પછી નીચેની કડી જે ભીમજી ભીમસિંહ માણેકે ઇ. સ. ૧૮૯૨ માં પ્રકાશિત સજ્ઝાયમાળા (ભા. ૧)માં છે તે આ પુસ્તકમાં અપાવી જોઈતી હતી:—

"કરે ઉપસર્ગ જળવૃષ્ટિનો સુ૦ આવ્યું નાસિકા નીર પ્ર૦
ચુક્યા નહિં પ્રભુ ધ્યાનથી સુ૦ સમરથ સાહસ ધીર પ્ર૦ ૬"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમકિત અંગે તાત્ત્વિક વિચારણા

(૪) લેખક : શાહ ચતુર્ભુજ જેચંદ

આ પહેલાના લેખમાં સમકિતના પાંચ લિંગો લક્ષણો પૈકી પ્રથમ લિંગ પ્રશમ ભાવ ઉપર વિવેચન કરેલ છે. આ લેખમાં બીજા ત્રીજા લિંગ સંવેગ અને નિર્વેદ ઉપર વિવેચન કરવાનું પ્રાપ્ત થાય છે. સમકિતના પાંચે લિંગોને પરસ્પર ગાઢ સંબંધ છે. કોઇ એકના અભાવે બીજા ભાવો સાચા સ્વરૂપે ટકી શકે નહિ. તે આગળ ઉપર જોઇશું.

જૈન શાસ્ત્રમાં સંવેગનો સામાન્ય અર્થ સંસારનો ભય અથવા મોક્ષની અભિલાષા કરવામાં આવેલ છે. બંને અર્થો દેખાવમાં જુદા છતાં ભાવાર્થથી એકજ છે. સમકિતિ જીવને સંસાર આત્માને માટે બંધન રૂપ લાગે છે, અને તેમાંથી મુક્ત થવાની જે ઇચ્છા અભિલાષા તે મોક્ષ. સંસારના વ્યવહારમાં પણ કોઇને કેદખાનાના કે બીજા જકડી રાખે તેવા, સ્વતંત્ર પ્રવૃત્તિ ઉપર કાપ મૂકે તેવા બંધન અંકુશ નિયંત્રણ ગમતા નથી છતાં આવે તો ભયરૂપ લાગે છે અને તેમાંથી છૂટવાની મુક્ત થવાની તાલાવેલી રહે છે, તેમ સમકિતિ જીવને સંસારના બંધન શરીર ધારણ ભવ ભ્રમણ હંમેશા ભયરૂપ લાગે છે અને તેમાંથી છૂટવાની નિરંતર અભિલાષા રહે છે. સંસારમાં કોઈ શાશ્વતુ સુખ મળવાનું હોય તો સંસાર કોઈને બંધનરૂપ લાગે નહિ, તેમાંથી છૂટવાની ઈચ્છા થાય નહિ. પણ સમકિતિ જીવ સમજે છે કે ગમે તેવું સારૂ શરીર, માનુષી કે દૈવી ગમે તેવા સુખ સંપત્તિ વૈભવ વિલાસ લાંબો કાળ ટકતા નથી. સંસાર શબ્દ સૃ ધાતુમાંથી બનેલો છે. તેનો સ્વભાવજ સરવાનો અધોગામી પતન-શીલ છે. સંસારના જે સુખો માનવામાં આવે છે તે પૌદ્‌ગલિક જ હોય છે. પુદ્‌ગળ પોતેજ નિત્ય ગલન પરિવર્તનશીલ છે. તેવા સંસારના સુખો શાશ્વતા તો શું પણ થોડા સાગરોપમ કાળ સિવાય લાંબો કાળ ટકતા નથી. અનેક અસંખ્યાતા ભવધારણના દુઃખો ભોગવ્યા પછી એકાદ વખત તેવું સુખ ભોગવવાનું મળે છે. સમકિતિ જીવ સમજે છે કે જીવાત્મા આ ચૌદ રાજરૂપ લોક સંસારમાં દરેક સ્થાન ક્ષેત્રમાં તે અનંતિવાર ભવ ભ્રમણ–શરીર ધારણ કરી આવેલ છે અને તેમાં અનંતાનંત કાળ પસાર કરેલ છે; અનંતાનંત જીવો અને પુદ્‌ગલો સાથે તેને અનંતિવાર જુદા જુદા સંબંધો બંધાયા છે; તે અનંતાનંત ભવભ્રમણ કાળમાં તેને કોઈ શાશ્વતુ સુખ આપે તેવા દ્રવ્ય, સ્થાન ક્ષેત્ર કે સંબંધો પ્રાપ્ત થયા નથી અને થશે નહિ; સંસારના પૌદ્‌ગલિક પદાર્થો સંબંધોનું સ્વરૂપજ એવુ છે કે કોઈ કોઇવાર થોડો કાળ શુભ કર્મના ઉદય કારણે સંસાર સુખમય લાગે છતાં નિતાંતે તે દુઃખરૂપ જ છે; પૌદ્‌ગલિક સુખનો અંત આવવાનોજ અને તેવા સુખમાં રાચનાર આનંદ માણનારને તેવા સુખના અંતે દુઃખનો અનુભવ

---

ગર્ભિત રીતે દર્શાવ્યું હોય એમ લાગે છે. આ રહી એ પંક્તિ :—

"મુક્તિમંદિરમેં મહાલશે રે લાલ,
મતિ હંસ નમે કર જોડી રે"

આ સજ્ઝાયમાં સર્વ મહિનાઓમાં ભાદરવાની શ્રેષ્ઠતા અને તેમાં પણ એના આઠ દિવસને ઉત્તમ કહ્યા છે. પર્યુષણ અંગેનાં કેટલાક કર્તવ્યો, ગણાવાયાં છે. દા. ત. ગુરુની અંગપૂજા અને કાયોત્સર્ગ કરીને આગમનું શ્રવણ.

આ પ્રમાણે સમય અને સાધન અનુસાર મેં પર્યુષણ પર્વ સંબંધી સાહિત્યનો નિર્દેશ કર્યો છે. એમાં આધુનિક યુગમાં જે વિશિષ્ટ લેખો વગેરે લખાયા છે તેને અંગેનું સાહિત્ય આમાં ઉમેરીને તેમ જ પર્યુષણ સંબંધી જે કંઇ મહત્ત્વપૂર્ણ માહિતી આપવી રહી જતી હોય તે એકત્રિત કરીને એ બધું એક દળદાર અને નમૂનેદાર આકરગ્રંથ દ્વારા જોવા જાણવા મળે તે માટે આવો આકરગ્રંથ સત્વર તૈયાર કરાય અને સમુચિત રીતે પ્રકાશિત કરાય એ સૂચવતો હું આ લેખ પૂર્ણ કરું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાનોજ. સંસારમાં સમગ્ર ભ્રમણ કાળ દરમ્યાન જીવાત્મા જે સુખ અનુભવે છે તે દુઃખના અનુભવના પ્રમાણમાં અત્યંત અલ્પ છે આવુ ભાન સમકિતિ જીવને કોઇ કુદરતી પ્રેરણા દ્વારા અથવા કોઈ ધર્મ-ગુરૂના ઉપદેશ દ્વારા થાય છે અને તેને સંસાર સમગ્ર દૃષ્ટિએ વિચારતા ભયરૂપ બંધન રૂપ લાગે છે. તેમાંથી છૂટવાની જે તાલાવેલી અભિલાષા તે સંવેગ ભાવ, સંસારથી મુક્ત થવાનો ભાવ અથવા મોક્ષ ભાવ તે મોક્ષ પ્રાપ્તિમાં કોઇ નવો ભવ, જન્મ શરીર ધારણ કરવાના નથી. ત્યાં કોઇ પૌદ્‌ગલિક સુખ સંબંધો નથી. એ આત્માની કર્મથી સર્વથા મુક્ત દશા અર્થાત શુદ્ધ આત્મ દશા છે. સંસારના સર્વ સુખદુઃખરૂપ જડ પૌદ્‌ગલિક સંબંધોથી તદ્દન મુક્ત દશા છે. એવા મોક્ષની અભિલાષા એને જ થાય. જેને આત્માના અનંતકાળ શાશ્વત સુખ માટે આ સંસારનું અત્યંત સ્વરૂપ કારમુ ભયરૂપ સમજાય. સંસારમાં કોઇ ગતિ ભવમાં ગમે તેવું કરોડોના કરોડો વર્ષના પૂર્વ કાળ કે અસંખ્યાતા વર્ષના સાગરોપમ કાળનું સ્વર્ગીય સુખ મળે છતાં સમકિતિ જીવ તેમાં સાચું સુખ માને નહિ એવી સમકિતિ જીવની જ્ઞાનદશા પરિણતિ હોય છે. સંસારમાં મળતું સુખ અનંતકાળની ગાઢ અંધારી રાત્રિમાં કોઇ વાર વીજળીનો ઝબકારો મળી જાય તેવું છે. અનંતકાળથી તીવ્ર ક્ષુધાથી પીડાતા જીવને કોઈ વાર કોળીયો અનાજ મળી જાય અને થોડો વખત ક્ષુધા શાંત થાય તેવું છે. પણ ક્ષણિક વીજળીના ઝબકારાના પ્રકાશ પછી ગાઢ અંધારી રાત્રિઓ પસાર કરવાની છે, અને કોળીયો અનાજથી થોડો વખત ક્ષુધા શાંત કરીને લાંબો વખત ક્ષુધાથી પીડાવાનું છે, એવું સંસારનું કારમુ સ્વરૂપ સમકિતિ જીવ સમજતો થાય છે. એને પરિણામે સંસારના કર્મજન્ય પૌદ્‌ગલિક સંયોગથી ઉદયમાં આવતા અજ્ઞાન મોહ અંધકાર, ક્ષુધા અશાતા વગેરે દુઃખ દશામાંથી કાયમ મુક્ત થવા, અને જ્યાં અનંત જ્ઞાનમય શાશ્વતો પ્રકાશ, રાગદ્વેષજન્ય મોહનીય વિભાવ દશાથી મુકત સમભાવ સુખ, અને પૌદ્‌ગલિક દેહજન્ય ક્ષુધા અશાતાથી મુકત શાશ્વતા સુખની પ્રાપ્તિ થાય તેવી આત્માની શુદ્ધ દશા પામવાની તેને ઝંખના અભિલાષા તાલાવેલી થાય છે. તેવા ભાવને સંવેગ ભાવ કહે છે. એવા સંવેગ ભાવથી રંગાએલા સમ-કિતિ જીવ સંસારને ભયરૂપ અથવા હેયરૂપ ત્યાજ્ય માને છે, અને તેમાંથી સર્વથા મુકત થવારૂપ મોક્ષની અભિલાષા ધરાવે છે.

સંસારથી મુકત આત્માનું અનંત જ્ઞાન દર્શન ચારિત્ર યુકત જ્યોતિર્મય સમભાવ સુખ, પૌદ્‌ગલિક સુખથી પર શાશ્વતા સુખનું જે દર્શન જૈન દર્શનમાં, જૈન ધર્મની માન્યતામાં મળે છે તેવું અન્ય કોઇ દર્શન કે ધર્મમાં જોવા મળે તેવું નથી. અન્ય ભારતીય આત્મવાદી દર્શનોમાં મોક્ષ એટલે બ્રહ્મસ્વરૂપ પ્રાપ્તિ, બ્રહ્માંડવ્યાપી થવું અથવા બ્રહ્માંડમાં લય થવું, અથવા લાંબો કાળ સ્વર્ગીય સુખો ભોગવવા અને દુઃખી પ્રાણીઓના ઉદ્ધાર માટે ફરી ફરી અવતાર ધારણ કરવા વગેરે માન્યતાને મોક્ષ અથવા પરમેશ્વરના પરમ આદર્શરૂપ માની છે. પણ તે કોઈ દર્શન મુકતાત્માનું સિદ્ધ થયેલાઓનું શુદ્ધ સ્વરૂપ શું, તેની જ્ઞાનમય દેહાતિત કે બીજી સ્થિતિ કે સ્થાન શું, તેનો કોઈ કાળે પુનર્જન્મ થાય કે કેમ વગેરે બાબતો વિષે યથાર્થ થોડી પણ સ્પષ્ટતા કરતા નથી. સિદ્ધો, મુકતાત્માઓના સ્વરૂપ દર્શનની વાત આવે ત્યાં તેને ગુહ્ય રહસ્યરૂપ, વચનાતિત, વર્ણનાતિત નેતિ નેતિ કરીને સંબોધવામાં આવે છે. આ કાળમાં વિશિષ્ટ જ્ઞાનના અભાવમાં પણ મોક્ષ વિષેનો જે કાંઇ આછો પાતળો બુદ્ધિગમ્ય ન્યાય યુકત ખ્યાલ જૈન દર્શનમાં મળે છે તેવો અન્ય કોઇ દર્શનમાં મળતો નથી. એટલે મોક્ષના આદર્શ અને તેના સ્વરૂપની સમજણ માટે અને મોક્ષની સાધના અથવા મોક્ષમાર્ગની આરાધના માટે જૈન જેવું બીજુ કોઇ ઉત્તમ દર્શન નથી. ક્ષમાદિ દશવિધ યતિધર્મના પાલનરૂપ, અને રાગદ્વેષ મોહ કષાય હિંસાદિક પાપમય પ્રવૃત્તિના ત્યાગ-રૂપ બીજો કોઇ ઉત્તમ ધર્મ—આચાર નથી.

સમકિતિ જીવને ઉપરના સંવેગ ભાવ સાથેજ નિર્વેદ ભાવ ગાઢપણે સંકળાએલો રહે છે. નિર્વેદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલે સામાન્ય રીતે સંસાર પ્રત્યે વિરક્તિ વૈરાગ્ય ભાવ અર્થ થાય છે, સંવેગભાવમાં સંસારની ભયાનકતા દુઃખમય સ્વરૂપ અને તેમાંથી છૂટવા મોક્ષનો આદર્શ અભિલાષ બતાવાય છે. જ્યારે નિર્વેદભાવમાં સંસાર બંધનમાંથી છૂટવા માટે વૈરાગ્ય ભાવ બતાવાય છે. જે સંસાર તેના સ્વરૂપથીજ ભયજનક કારમા દુઃખરૂપ હોય તે જેને સમજાય તેને તે પ્રત્યે સહેજે વૈરાગ્ય પેદા થાય તે સમજાય તેવું છે. તેને સંસારમાથી છૂટવા વૈરાગ્યવૃત્તિ આવે તે સંબંધે કોઇ લાંબા વિવેચનની જરૂર નથી. પણ નિર્વેદભાવની વિશેષતા એછે કે સંસારના દુઃખમયતાના કારણે વૈરાગ્ય આવે તે ઉપરાંત સંસારની સુખમય સ્થિતિમાં પણ વિયક્તિ વૈરાગ્ય ભાવ પેદા થાય છે. સંસાર પરિભ્રમણમાં ગમે તેવા સુખ કે દુખના પ્રસંગોને પણ સમભાવે વેદી લેવાની, ભોગવી લેવાની સમકિત જીવની ભાવના હોય છે. તેનું નામ નિર્વેદ ભાવના છે. સામાન્ય રીતે મોટા નાના સુખ દુઃખના પ્રસંગો જીવને ઘણી વખત પ્રાપ્ત થાય છે. અત્યંત દુઃખમાં પણ સમકિતિ જીવ વિશેષ કલ્પાંત કરી ચીકણા અશુભ કર્મ બાંધતો નથી, ગાઢ આર્તધ્યાન રૌદ્રધ્યાન ધરતો નથી. તેવીજ રીતે સ્વર્ગિય કે ચક્રવર્તીપણાની રાજ્ય ઋદ્ધિના ગમે તેવા પૌદ્ગલિક સુખો ભોગવવા મળે છતાં સમકિતિ જીવ તેમાં મોહગ્રસ્ત કે લુબ્ધ થતો નથી. તે પુણ્ય ભોગવીને વધારે પાપ અશુભ કર્મબંધ કરતો નથી. પણ અનાસક્ત ભાવે સુખ ભોગવીને અને દુઃખો પરિષહો સમતાપૂર્વક સહન કરીને સમકિતિ જીવ શુભ અશુભ બંને કર્મની નિર્જરા કરે છે. જેમ સમકિત વધારે શુદ્ધ અને આધ્યાત્મિક વિકાસ વધારે તેમ સંસારના સર્વ પદાર્થો સંબંધો અને પોતાના દેહ પ્રત્યે પણ વૈરાગ્ય વધતો રહે છે. તે વૈરાગ્યભાવ તેરમા સયોગિ કેવળી ગુણસ્થાનકે પરાકાષ્ટાએ પહોંચી સંપૂર્ણ સમભાવમાં પરિણમે છે. કારણ તે ગુણસ્થાનકે અંશમાત્ર પણ મોહ રાગ, પ્રશસ્ત રાગ પણ રહેતો નથી. કોઇ પણ વસ્તુ પરત્વે રાગ મમત્વ હોય તેના પ્રત્યેજ ત્યાગ, વૈરાગ્ય અથવા વિરક્તિ ધરવાના રહે છે. પણ જ્યાં કોઇ રાગ જ નથી પછી વૈરાગ્યનું પ્રયોજન શું ? રાગ અને તેના ત્યાગરૂપ વૈરાગ્યને બદલે ઉત્કૃષ્ટ પ્રકારનો પ્રશમભાવ અથવા સમભાવ પેદા થાય છે જેને આપણે વિતરાગ દશા કહીએ છીએ તેનોજ તે પર્યાય છે. આપણે અનાદિકાળથી રાગ, દશાથી એવા જકડાએલા છીએ કે તેના ત્યાગ માટે વૈરાગ્ય અને વિતરાગ ભાવને સહેજે સમજીએ છીએ. પણ તે સાથે શાશ્વત સુખને માટે જે પ્રશમભાવ અથવા સમભાવની જરૂર છે તે વૈરાગ્ય અને વિતરાગ-પણાનો આત્માનો શુદ્ધ પરિણામ છે તે ખાસ સમજવું જોઇએ. ઉપરની દૃષ્ટિએ આટલા વિવેચન પછી પ્રશમ સંવેગ નિર્વેદનો ગાઢ પરસ્પર સંબંધ સમજાશે. હવે પછીના લેખમાં અનુકંપા તથા આસ્તિકય ભાવ ઉપર વિચાર કરવામાં આવશે.


પવિત્ર પર્યુષણ પર્વમાં આરાધનાં માટે અતિઉપયોગી પ્રકાશનો

## અક્ષયનિધિ તપ વિધિ

પર્વાધિરાજ પર્યુષણને લગતા દિવસોમાં આ તપનું સારી સંખ્યામાં આરાધન કરવામાં આવે છે. શ્રાવણ વદ ૪ થી શરૂ કરીને ભાદરવા શુદિ ૪ એટલે કે સંવત્સરીના દિવસે આ તપની પૂર્ણાહૂતિ કરવામાં આવે છે. આ પુસ્તકમાં અક્ષયનિધિ તપની સંપૂર્ણ વિધિ, ચૈત્યવંદન, સ્તવન, પૂજાની ઢાળ, ખમાસમણાના દુહા, અક્ષયનિધિ તપનું મોટું સ્તવન તથા છંદો, આ તપથી મનવાંછિત સિદ્ધિ પ્રાપ્ત કરનાર સુંદરીની રસિક કથા વગેરે પથ આપવામાં આવેલ છે.

મૂલ્ય માત્ર ૦-૨૫ પૈસા　　લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

પર્યુષણ પર્વમાં વાંચવાલાયક ગ્રંથ

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (વિભાગ પહેલો)

( અધ્યયન ૧૫ )

[ મૂળ સંસ્કૃત છાયાનુવાદ ગુર્જરભાષાનુવાદ અને કથા સહિત ]

ભગવંત મહાવીરની અંતિમ દેશનાના ફળસ્વરૂપ આ ગ્રંથની ઉપયોગિતા માટે કહેવાનું જ શું હોય! વૈરાગ્ય તેમ જ વિજ્ઞાનથી ભરપૂર આ ગ્રંથ અવશ્ય વાંચવા યોગ્ય છે. કેટલાય સમયથી આ ગ્રંથની નકલ મળતી નહોતી. હાલમાં જ પ્રતાકારે ઉંચા લેઝર પેપર ઉપર છપાવવામાં આવેલ છે. પૂ. સાધુ-સાધ્વીજીએ નકલો ઓછી હોવાથી તરત જ મંગાવી લેવા કૃપા કરવી. પ્રતાકારે પૃષ્ઠ ૬૦૦ મૂલ્ય રૂપિયા દસ પોસ્ટેજ અલગ.

લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગરનું નૂતન પ્રકાશન

શ્રી વિજયલક્ષ્મીસૂરિ વિરચિત

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪-ફોર્મ ૩૮. બહુ થોડી નકલો છપાવવાની હોવાથી જેમને જોઇએ તેઓ નકલ દીઠ રૂા. ૨) મોકલી અગાઉથી નામ નોંધાવશે તેમની પાસેથી ત્યાર પછી રૂા. ૨) જ લેવામાં આવશે, જ્યારે પાછળથી લેનાર માટે બુકની કિંમત રૂા. પાંચ થશે.

આ બુકની અંદર જે કથાઓ આપેલ છે તે કથાઓ બોધ આપનાર હોવાથી બહુજ ઉપયોગી છે. દરેક વ્રતનું સ્વરૂપ બહુ સારી રીતે આપ્યું છે. કર્માદાનનું-ચૌદ નિયમનું-ચાર પ્રકારનું અનર્થદંડનું સ્વરૂપ બહુ સ્પષ્ટતાથી આપેલું છે.

### પર્યુષણ પર્વમાં વાંચવા લાયક ગ્રંથો

(૧) ચોસઠ પ્રકારની પૂજા અર્થયુક્ત ૩-૦૦ (૨) નવપદજીની પૂજા ૦-૫૦ (૩) નવાણું પ્રકારની પૂજા ૦-૫૦ (૪) પાર્શ્વનાથ પં. પૂજા ૦-૬૦ (૫) બારવ્રતની પૂજા ૦-૫૦ (૬) અંતરાયકર્મની પૂજા ૦-૬૦ (૭) ધનપાળ પંચાશીકા ૦-૨૫ (૮) બાર ભાવનાની સજ્ઝાય ૦-૨૫ (૯) પં. વીરવિજયજી જન્મ ચરિત્ર ૦-૨૫ (૧૦) સુમિત્ર ચરિત્ર ૦-૨૫ (૧૧) શ્રાવકયોગ આચાર વિચાર ૦-૨૫ (પોસ્ટેજ અલગ)

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only